# સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવું

(1983 ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 3)

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. તમારી સંભાળ રાખનાર વ્યકિતનું નામ (તમારા 'જવાબદાર ચિકિત્સક') | |
| 3. હોસ્પિટલ અને વોર્ડનું નામ | |
| 4. કલમ 3 હેઠળ શરૂ થયેલ અટકાયત તારીખ | |

## હું શા માટે હોસ્પિટલમાં છું?

તમને 1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 3 અન્વયે હોસ્પિટલમાં રાખવામાં આવે છે. આનો અર્થ એ કે, બે ડોકટરોને લાગે છે કે તમે માનસિક વિકૃતિ ધરાવો છો અને તમારે હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી છે, જેથી તમને સારવાર અને સંભાળ આપી શકાય.

## હું અહીં કેટલો સમય રહીશ?

શરૂઆતમાં તમને અહીં છ મહિના રાખવામાં આવી શકાશે, જેથી તમને જરૂરી સારવાર તમને આપી શકાય.

તમારી સંભાળ રાખનાર વ્યકિત (તમારા જવાબદાર ચિકિત્સક) તમને કહે કે તમે બહાર જઈ શકો છો તે સિવાય આ સમય દરમિયાન તમે હોસ્પિટલ છોડી શકશો નહીં. તમે છોડી જવાનો પ્રયત્ન કરશો, તો સ્ટાફ તમને અટકાવી શકશે, અને તમે છોડી જશો, તો તમને પાછા લાવવામાં આવી શકાશે.

## પછી શું થશે?

તમારા જવાબદાર ચિકિત્સકને લાગશે કે તમે હોસ્પિટલ છોડી જવા પૂરતા સારા થઈ ગયા છો તો તેઓ તમને કહેશે. તમારા જવાબદાર ચિકિત્સક વિચારે કે તમારે છ મહિના કરતાં વધુ લાંબો સમય હોસ્પિટલમાં રહેવું જરૂરી છે, તો તેઓ બીજા છ મહિના, અને ત્યારપછી એક સાથે એક વર્ષ માટે એમ તમને હોસ્પિટલમાં જેટલો સમય રાખવાના હોય તે અંગે તેઓ રિન્યૂ કરાવી શકશે. દરેક મુદ્દતને અંતે તમારા જવાબદાર ચિકિત્સક આ અંગે તમને કહેશે.

